# ગામની સંસ્થાઓ - ૨

## જયંતીભાઈ પટેલ તથા ધીરુભાઈ સી. પટેલ

### શનાભાઈ હીરાભાઈ શિશુ સંસ્કાર કેન્દ્ર



વરસો પહેલાં બાકરોલમાં બાલમંદિર શરૂ કરવાના બેત્રણ પ્રયોગો થયેલા અને થોડો સમય ચાલીને બાલમંદિર બંધ થઈ ગયેલાં. સન ૧૯૬૧માં શ્રી જે.ડી.પટેલના પ્રયત્નથી બાલમંદિર શરૂ કરવામાં આવેલું જેને પાછળથી શનાભાઈ હીરાભાઈ પટેલ શિશુ સંસ્કાર કેન્દ્ર નામ આપવામાં આવેલું. હાલ જ્યાં સંતભુવન છે ત્યાં એક ધર્મશાળા હતી તેમાં આ બાલમંદિર શરૂ કરવામાં આવેલું. જે.ડી પટેલના આ કાર્યમાં તે વખતે શ્રી રામભાઈ મણિભાઈ પટેલ (તે વખતના સરપંચ), શ્રી શાંતુભાઈ પંચાયત મંત્રી, (અલિન્દ્રા, મહોળેલ), તથા જશુ મહારાજ જોડાયા પછી તેને કાયમી સ્વરૂપ આપવાના પ્રયત્નો શરૂ થયા.

શ્રી શનભાઈ હીરાભાઈ પટેલના પુત્રોએ ૪-૧૧-૭૦ના રોજ રૂપિયા ૭૧,૧૧૧ ને ખર્ચે બે વર્ગો, એક પ્રર્થના ખંડ, મુખ્ય શિક્ષિકાની ઓફિસ તથા સ્ટેન્ડીંગ કીચનવાળું અદ્યતન મકાન બંધાવી આપ્યું અને તેને નવું નામ આપવામા આવ્યું : 'શનાભાઈ હીરાભાઈ પટેલ શિશુસંસ્કાર કેન્દ્ર'. આ વખતે આ બાલ મંદિરના નિભાવ અને વિકાસ માટે નીચે મુજબનાં દાનો પણ મળેલાં.

૯,૫૦૧ શ્રી દાદાભાઈ રેવન્દાસ પટેલના સ્મરણાર્થે તેમના પુત્રો તરફથી.
૬,૩૫૧ શ્રી ચુનીભાઈ વેણીભાઈપટેલના સ્મરણાર્થે તેમના પુત્રો તરફથી.
૨,૫૦૧ શ્રી પરસોત્તમ લલ્લુભાઈ પટેલના સ્મરણાર્થે તેમના પુત્રો તરફથી.
૨,૦૦૦ શ્રી શંકરભાઈ લલ્લુભાઈ પટેલ તરફથી
૧,૦૦૧ શ્રીમતિ ચંચળબાના સ્મરણાર્થે ચીમનભાઈ દાદુભાઈ દેસાઈ તરફથી.
૫૦૧ શ્રી કાળીદાસ નાથાભાઈના સ્મરણાર્થે તેમના પુત્ર ભીખુભાઈ તરફથી.
૫૦૧ શ્રીમતિ સૂરજબેન કાળીદાસ પટેલના સ્મરણાર્થે તેમના પુત્ર ભીખુભાઈ તરફથી.
૫૦૧ શ્રીમતિ લલિતાબેન હરિભાઈ પટેલના સ્મરણાર્થે તેમના પુત્રો તરફથી.

૩૫૧ શ્રી મણિભાઈ તળસીભાઈ પટેલ તરફથી.
૩૨૫ શ્રી જેઠાભાઈ શનાભાઈ પટેલ તરફથી.
૨૫૧ શ્રી પરસોત્તમદાસ શનાભાઈ.
૨૫૧ શ્રી ઉષાકાન્ત લેમન મર્ચન્ટ, મુંબઈ
૨૫૧ શ્રી ડૉ. નાથાલાલ સુખરામ દવે
૨૫૧ શ્રી જશભાઈ જેઠાભાઈ પટેલ
૨૫૧ શ્રી ડાહ્યાભાઈ ફુલાભાઈ પટેલ
૨૫૧ શ્રી જશભાઈ મગનભાઈ બીન મોતીભાઈ પટેલ
૨૫૧ શ્રી મણિભાઈ સોમાભાઈ પટેલ
૨૫૧ શ્રી ભાઈલાલભાઈ ઈશ્વરભાઈ પટેલ
૨૫૧ શ્રી અંબાલાલ બેચરભાઈ પટેલ
૨૫૧ શ્રી મોતીભાઈ ભાઈજીભાઈ પટેલ
૨૫૧ શ્રી ડાહ્યાભાઈ શાંમળભાઈ પટેલ
૨૫૧ શ્રીમતિ હરિબેન જેઠાભાઈ શનાભાઈ પટેલ
૨૫૧ શ્રીમતિ કમળાબેન મણિભાઈ શનાભાઈ પટેલ
૨૫૧ શ્રીમતિ લલિતાબેન વિઠ્ઠલભાઈ શનાભાઈ પટેલ
૨૫૧ શ્રીમતિ વિમળાબેન રાવજીભાઈ શનાભાઈ પટેલ
૨૫૧ શ્રીમતિ કાશીબેન ચુનીભાઈ ઉમેદભાઈ પટેલ
૨૫૧ શ્રીમતિ મણિબેન છોટાભાઈ બાજીભાઈ પટેલ
૨૫૧ શ્રીમતિ કમળાબેન પુરસોત્તમદાસ શનાભાઈ પટેલના સ્મરણાર્થે તેમના દીકરાઓ તરફથી
૧૫૧ શ્રી રામભાઈ મણિભાઈ પટેલ
૧૦૧ શ્રી ડૉ. કાન્તિલાલ મણિલાલ વ્યાસ

ઉપરોક્ત દાનો શિશુ સંસ્કાર કેન્દ્રના નિભાવ તથા વિકાસ માટે મળેલાં.

થોડા સમય પછી બારીઓમાં ગ્રીલ નખાવવા તથા જાળી ઝાંપા કરાવવા શ્રી રાવજીભાઈ શનાભાઈ તરફથી બીજા ૧૧,૧૧૧ રૂપિયા આપવામા આવેલા.

એક વખત આ બાલમંદિરમાં ૧૬૦ બાળકો આવતાં હતાં પણ હાલ વલ્લભવિદ્યાનગરનાં બાલમંદિરોમાં બાળકોને મૂકવાની હવા ચાલી છે એટલે અત્યારે અહીં ફક્ત ૭૦ જ બાળકો આવે છે. બાકરોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. હાલ આ બાલમંદિરની સમગ્ર જવાબદારી નિભાવે છે.

હાલ આ બાલમંદિરમાં એક શિક્ષિકા તથા એક મદદનીશ બેન કામ કરે છે અને વાર્ષિક ખર્ચ જે આવે તે બાકરોલ દૂધ મંડળી આપે છે.

# બાકરોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.




ગામની ઉપરોક્ત મંડળીની સ્થાપના સન ૧૯૫૨માં થયેલી છે. ખેડા જિલ્લાની લગભગ ૮૦૦ મંડળીઓમાં સ્થાપનાક્રમે જોઇએ તો એનો નંબર ૪૨મો છે. અમૂલ ડેરીની સ્થાપના વખતે જે થોડા વ્યક્તિ સભાસદો નોંધાયેલા તેમાં બાકરોલના ૮ સભ્યો હતા.

મંડળી કૃત્રિમવીર્યદાન કેન્દ્ર ચલાવે છે અને અમૂલ ડેરી તથા ત્રિભુવનદાસ ફાઉન્ડેશન દ્વારા મુકાતા કાર્યક્રમોનો લાભ પોતાના સભાસદોને મળી રહે એ માટેના બધા પ્રયત્નો કરે છે.

ગામમાં અમૂલ ડેરીની યોજનાઓના ભાગરૂપે અનેક કાયૃક્રમો, જેવા કે સંઘની મુલાકાત, ગરસૂંઢાની રસી મૂકવી, ભેંસ સુધારણા કયક્રમો, મોંવાળો ખરવાસો, જેવા કાર્યક્રમો યોજી પોતાના સભાસદોને જાગૃત રાખે છે.

મંડળીનું કાર્યવાહક મંડળ સારો વહીવટ કરતું હોઈ મંડળી સારી પ્રગતિ કરી રહી છે. મંડળીનો ઓડિટ વર્ગ ‘અ’ રહે છે.

મંડળીએ બાકરોલમાં ડામરના રસ્તા માટે, કુમારશાળા તથા કન્યાશાળામાં પાણીની ટાંકીઓ તથા પાઈપ લાઈનની વ્યવસ્થા કરી આપી છે. હાલ બાલ મંદિરનો વહીવટ પણ આ મંડળી કરે છે. ગામની વિવિધ સંસ્થાઓમાં આ મડળીએ એક લાખ રૂપિયા કરતા વધું દાન આપેલાં છે.

નીચે જણાવેલા આંકડા પરથી મંડળીની કાર્યક્ષમતાનો ખ્યાલ આવશે.

| | |
|---|---|
| સભાસદ સંખ્યા | ૧૯૨૩ |
| દૂધ ખરીદી લીટરમાં | ૪૪૬૪૪૧ |
| દૂધ ખરીદી રૂપિયામાં | ૫૮,૭૬,૬૬૦ |
| મંડળીનો નફો | ૧,૫૦,૨૯૪ |
| બોનસ | ૧૬ ટકા |

# બાકરોલ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિ.



આ મંડળીની સ્થાપના તા. ૨-૨-૧૯૪૫ના રોજ કરવામાં આવી હતી. ત્યારબાદ જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુઓના વેચાણની દુકાન ૧૯૬૦થી કરવામાં આવી. તેમાં અનાજ કરિયાણા ઉપરાંત ચા મસાલા, બાસમતિ ચોખા, સાબુ તથા કાપડ વગેરે વેચવામાં આવે છે.

હાલં આ મંડળી ચાર વેચાણ કેન્દ્રો ચલાવે છે જેમાંનાં બે બાકરોલ ગામના મધ્યમાં પાકા મકાનમાં છે. અત્યાર સુધીમાં મંડળીની સભ્યસંખ્યા ૧૩૧૯ની થઈ છે. આ મંડળીમાંથી મધ્યમ તથા નાના ખેડૂતોને ખેતી માટે દર વરસે ચાલીસ લાખ કરતાં વધુ રકમનું ધીરાણ કરે છે. આ મંડળીએ આખા ગુજરાતમાં સૌ પ્રથમ મુદતવીતી બાકીદારોના નામ મંડળીની બહાર બ્લેક બોર્ડ પર લખવાની પ્રણાલિકા કાયમ કરી છે. આ કાળા બોર્ડ પર દર વરસે મુદત વીતી બાકીદારોનાં નામ કશી બાંધછોડ કર્યા વગર પાકા રંગથી લખી દેવામાં આવે છે અને કોઈ બાકીદાર લોન ભરપાઈ કરે કે તરત એ નામ બોર્ડ પરથી હઠાવી લેવામાં આવે છે. નીચેની તસ્વીરમાં દરવાજાની બહાર ડાબી બાજુએ એ કાળું બોર્ડ જોઈ શકાય છે. તેમાં નામોની વચમાં ખાલી જગ્યા દેખાય છે એ પાછળથી પૈસા ભરી ગયેલા બાકીદારોનાં નામ કમી કરવાથી પડેલી છે.




હાલ આ મંડળીમાં ૧૩૨૧ સભાસદો છે અને શેર ભંડોળ ૯,૧૯,૫૬૦ રૂપિયાનું છે. મંડળીનું રીઝર્વ ફંડ રૂપિયા ૬,૭૪,૨૬૬ છે. અન્ય ફંડો ૫,૪૧,૮૬૬ રૂપિયાનાં છે. છેલ્લા વરસનો નફો રૂપિયા ૧,૨૮,૪૫૮

છે. આ મંડળીએ ચાલુ વરસે નાના ખેડૂતોને રૂપિયા ૨૫,૧૩,૮૭૦ અને મોટા ખેડૂતને રૂપિયા ૧૬,૪૦,૮૭૦ મળીને કુલ ૪૧,૫૪,૦૦૦ રૂપિયાનું ધિરાણ આપેલું છે.

મંડળીએ તેના પારદર્શી વહીવટને કારણે સમગ્રા ગુજરાતમાં સારી નામના પ્રાપ્ત કરી છે. શ્રી ભાનુભાઈ ચુનીભાઈ પટેલ ઘણાં વરસોથી આ મંળીના ચેરમેન રહી વહીવટ સંભાળે છે. તેમની દોરવણી હેઠળ મંડળીની પ્રગતિ અન્ય ગામોની સરખામણીમાં ઘણી સારી થઈ છે. અને મંડળીએ પોતાના નફામાંથી ગામનાં કામોમાં અને ગામની સસ્થાઓને સારી એવી રકમની મદદ કરેલી છે.

મંડળીને કેરોસીન તથા પેટ્રોલ પંપ માટે લાયસન્સ મળી ગયેલ છે છતાં હજુ પેટ્રોલ પંપ કરવાનો સમય પાકયો નથી. અનુકૂળતાએ ગામમાં પેટ્રોલ પંપની સુવિધા પણ થશે.

# બાકરોલ પ્રાથમિક કુમારશાળા



બાકરોલ કુમારશાળા ગામની સૌથી પુરાણી શિક્ષણસંસ્થા છે. એની સ્થાપના ૧૯મી સદીના અંત ભાગમાં થયેલી છે. સન ૧૯૮૭માં શાળાનો શતાબ્દી મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. તે વખતે આ શાળાના વિવિદા ક્ષેત્રોમાં નામના પ્રાપ્ત કરી હોય એવા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા હતા.

આ શાળા વરસો સુધી તે ગામની પાંચભાગ પાટીદાર ધર્મશાળામાં બેસતી હતી પણ વખત જતાં તેનું સ્વતંત્ર મકાન સરકાર મદદ અને ગામના દાતાઓના સહયોગથી ગામમાં પેસતાં જ જોઈ શકાય એવી જ્યાએ બનાવવામાં આવ્યું.

પછી તેમાં વર્ગખંડો ઓછા પડતાં શ્રી તુલસીભાઈ કાળીદાસ પટેલના સ્મરણાર્થે તેમના દીકરાઓએ સન ૧૯૭૪માં ૪ વર્ગખંડો બંધાવી આપ્યા.

તે પછી વળી પાછી વર્ગોની તૂટ પડવા માંડી ત્યારે લખીબા પરિવાર (શ્રી ધીરુભાઈ ગોપાળદાસ બંધુંએ તેમનાં માતુશ્રીની યાદમાં ) તરફથી રૂપિયા એક લાખને ખર્ચે ૧૯૮૪માં બીજા ૪ ઓરડા બંધાવી આપ્યા.

આ પછી સન ૨૦૦૧માં શ્રી ધીરુભાઈ ગોપાળદાસ બંધુંએ રૂપિયા ૬,૫૦,૦૦૦-૦૦ને ખર્ચે શાળા માટે એક વિશાળ સભાખંડ બનાવી આપ્યો છે.

શ્રી ચતુરભાઈ ભાઈલાલભાઈ પટેલે સ્વ. સૂરજબાના સ્મરણાર્થે પાણીની પરબ બંધાવી આપી.

આ સિવાય કુમારશાળાને અનેક નાનાંમોટાં દાનો અવારનવાર મળ્યા કરે છે. હમણાં જ શ્રી જયંતીભાઈ ડા. પટેલે બાળકોને રાસ ગરબા માટે રૂપિયા ૬,૦૦૦-૦૦ ડ્રેસ બનાવવા માટે આપ્યા છે.

આ ઉપરાંત શાળામાં પ્રા. જે. ડી. પટેલ તરફથી ૧૬ અને લાયન્સ ક્લબ, આણંદ તરફથી ૧૫ પાટલીઓ આપવામા આવી છે.

આ કુમારશાળામાં અભ્યાસ કરી ગયેલા કેટલાય વિદ્યાર્થીઓએ ડૉક્ટર, એન્જીનિયર કે અન્ય વિદ્યાશાખામાં આગળ વધી દેશ પરદેશમાં નામ કાઢ્યાં છે. આ શાળાના એક વિદ્યાર્થી શ્રી યતીનકુમારજયંતીભાઈ પટેલે એસ. એસ. સી.માં સમગ્ર બોર્ડમાં પંચમા સ્થાને અને બારમા સાયન્સમા સમગ્ર બોર્ડમાં બીજા સ્થાને આવી શાળાનું અને ગામનું નામ રોશન કર્યું છે. આ શાળા અત્યારે પે સેન્ટર શાળા તરીકેની માન્યતા ધરાવે છે. તેની નિશ્રામાં નીચે જણાવ્યા મુજબની શાળાઓનો સમાવેશ થાય છે.



| ક્રમ | શાળાનું નામ | ધોરણ | શિક્ષકો | કુમાર | કન્યાઓ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | બાકરોલ કુમારશાળા | ૧થી ૭ | ૧૫ | ૫૧૫ | -- | ૫૧૫ |
| ૨. | બાકરોલ કન્યાશાળા | ૧થી૭ | ૧૦ | -- | ૪૬૨ | ૪૬૨ |
| ૩. | દર્શન સોસાયટી પ્રાથમિક શાળા | ૧થી૭ | ૮ | ૧૫૧ | ૧૫૨ | ૩૦૩ |
| ૪. | ભાઈકાકાનગર પ્રાથમિક શાળા | ૧થી૭ | ૯ | ૧૮૪ | ૧૫૬ | ૩૪૦ |
| ૫. | રામપુરા પથમિક શાળા | ૧થી૭ | ૯ | ૧૦૮ | ૯૭ | ૨૦૫ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૬. | પુરુષોત્તમનગર પ્રાથમિક શાળા | ૧થી૭ | ૫ | ૧૨૨ | ૯૩ | ૨૧૫ |
| ૭. | જોળ પ્રાથમિક શાળા | ૧થી૭ | ૧૨ | ૨૫૪ | ૧૮૧ | ૪૩૫ |
| ૮. | મહુપુરા પ્રાથમિક શાળા | ૧થી૬ | ૩ | ૬૨ | ૫૫ | ૧૧૭ |
| ૯. | ખોડિયારનગર પ્રાથમિક શાળા | ૧થી૬ | ૩ | ૫૧ | ૫૮ | ૧૦૯ |
| ૧૦. | કૃષ્ણનગર પ્રાથમિક શાળા | ૧થી૪ | ૨ | ૨૧ | ૨૪ | ૪૫ |

# બાકરોલ પ્રાથમિક કન્યાશાળા



પ્રાથમિક કન્યાશાળા, બાકરોલની સ્થાપના તા. ૧૫ - ૨ - ૧૯૦૭ માં થયેલી છે. આ શાળા ગામની મધ્યમાં જ્યાં હાલ વિવિધ કાર્યકારી સહકારી મંડળીનું મકાન છે ત્યાં નાની ધર્મશાળામાં હતી તેમાં બેસતી હતી.

પછી સન ૧૯૫૪ _ ૫૫ માં શાળાનું પાકું મકાન ગામને ઉત્તર છેડે બાંધવામાં આવ્યું. તેમાં સન ૧-૯-૫૧ના રોજ શ્રી તુલસીભાઈ કાળીદાસ પટેલે રૂપિયા ૩,૦૦૦-૦૦ આપેલા. આ રકમ તે વખતે ઘણી મોટી ગણાતી હતી. પણ પછીય આપ જોઈ શકશો કે શ્રી તુલસીદાદાએ આ કન્યાશાળાને જાણે દત્તક લીધી હોય તેમ વારંવાર નાનીમોટી રકમો આપ્યા જ કરી છે.

સન ૧૯૬૧માં તેમણે પોતાના પત્ની ચંચળબેનના સ્મરણાર્થે રૂપિયા ૨,૦૦૦-૦૦ અને થોડા વખત પછી રૂપિયા ૬,૬૦૦-૦૦ શાળામાં ઓરડા બાંધવા માટે આપેલા છે.

તે પછી તેમણે સન ૧૯૬૭માં ૬,૩૦૦-૦૦ રૂપિયા એક ઓરડો બાધવા માટે આપ્યા છે.

તે પછી શ્રી મનુભાઈ ચતુરભાઈ પટેલે સન ૧૯૭૧માં રૂપિયા ૪,૫૦૦-૦૦

અનુક્રમ⇒

તથા શ્રી જગદીશભાઈ ચુનીભાઈ પટેલે રૂપિયા ૪,૫૦૦-૦૦ શાળામાં એક એક ઓરડો બાંધવા માટે આપેલા છે.

એક ઓરડા માટે શ્રી ચંન્દ્રકાન્ત મણિભાઈ પટેલ તરફથી દાન મળેલું છે.

આ પછી તાજેતરનાં વરસોમાં શ્રી યતીનભાઈ જયંતીભાઈ પટેલ તરફથી તેમના દીકરા પાર્થની ચૌલક્રિયા પ્રસંગે રૂપિયા ૫,૦૦૦-૦૦ બાળચિત્ર વર્ગ બાનાવવા માટે મળ્યા છે.

હમણાં શ્રી જયંતીભાઈ ડા. પટેલ તરફથી મોટાં બે પાથરણાં રૂપિયા ૧,૫૦૦-૦૦નાં તથા કન્યાઓને ગરબાના પોશાક કરાવવા માટે રૂપિયા ૬,૦૦૦-૦૦ આપવામાં આવ્યા છે.

શાળામાં વીજળીના પંખા માટે નીચે મુજબનાં દાન મળ્યાં છે.

| | |
|---|---|
| શ્રી જગદીશભાઈ દેવજીભાઈ પટેલ તરફથી પંખા નંગ | ૪ |
| શ્રી ઠાકોરભાઈ ચીમનભાઈ પટેલ તરફથી પંખા નંગ | ૨ |
| શ્રી ભુપેન્દ્રભાઈ મનુભાઈ પટેલ તરફથી પંખા નંગ | ૧ |
| શ્રી પ્રકાશભાઈ વિઠ્ઠલભાઈ પટેલ તરફથી પંખા નંગ | ૧ |
| શ્રી મંજુલાબેન નારણભાઈ પટેલ તરફથી પંખા નંગ | ૧ |
| સેન્ટલ બૅંક બાકરોલ તરફથી પંખા નંગ | ૧ |
| મોતીભાઈ ભાઈજીભાઈ પટેલ તરફથી પંખા નંગ | ૧ |
| આણંદ જેસીસ ક્લબ તરફથી પંખા નંગ | ૧ |



હાલમાં લંડન સ્થિત શ્રી કિરીટભાઈ રામભાઈ પટેલ તરફથી જગદીશભાઈ દેવજીભાઈની દેખરેખ નીચે શાળાના ચાર ઓરડા પર સ્લેબ ભરી દાદર ને ઉપર પાણીની ટાંકી તથા બાળકોને પીવાના પાણીની સંપૂર્ણ વ્યવસ્થા કરી આપવામાં આવી છે.

આ ઉપરાંત શ્રી ધીરુભાઈ ગોપાળદાસ બંધું તરફથી બે ઓરડા પર સ્લેબ ભરી આપવામાં આવ્યો છે.

અનુક્રમ⇒